**ઘર આંગણે રમતી ભવ્યાને દીપડો ખેંચી ગયો હતો, ગામમાં ભયનો માહોલ**

## બોડેલીના વાજપુરમાં દીપડાનો જીવલેણ હુમલોનો ભોગ બનારી ૩ વર્ષની ભવ્યાનું સારવાર દરમિયાન મોત

(પ્રતિનિધિ) બોડેલી, તા.30
છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના વાજપુર ગામમાં બુધવારે સાંજે હૃદયદ્રાવક ઘટના બની હતી. ગામના કેનાલ ફળિયામાં રહેતા પોપટભાઈની 3 વર્ષની પુત્રી ભવ્યા પોતાના ઘર આંગણે રમતી હતી ત્યારે સાંજે અંદાજે 7 વાગ્યાના સમયે દીપડાએ અચાનક હુમલો કર્યો હતો. દીપડાએ બાળકીને ખેંચી જતાં ગળા સહિત શરીરના વિવિધ ભાગોમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઘટનાની જાણ થતાં પરિવારજનો અને ગ્રામજનો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને ભારે જહેમત બાદ બાળકીને દીપડાના મોઢામાંથી છોડાવી હતી. ગંભીર હાલતમાં ભવ્યાને જામુઘોડા સરકારી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી, પરંતુ સારવાર દરમિયાન તેણીનું કરુણ મોત નિપજ્યું હતું. હાલ જામુઘોડા સરકારી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમની તજવીજ હાથ ધરવામાં આવી છે.





આ ઘટનાથી વાજપુર ગામ સહિત સમગ્ર પંથકમાં શોક અને ભયનો માહોલ છવાઈ ગયો છે. ગ્રામજનોના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક સમયથી વિસ્તારમાં દીપડાની અવરજવર જોવા મળી રહી હતી.

ઘટનાની જાણ થતાં વન વિભાગની ટીમ સ્થળ પર પહોંચી તપાસ શરૂ કરી હતી. દીપડાને પાંજરે પુરવા તેમજ વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ વધારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ગ્રામજનોએ વન વિભાગ સમક્ષ જંગલી પ્રાણીઓના વધતા આતંક પર તાત્કાલિક નિયંત્રણ લાવવા, રાત્રિના સમયે સઘન પેટ્રોલિંગ ગોઠવવા અને ગામલોકોની સુરક્ષા માટે કડક પગલાં ભરવાની માંગ કરી છે.

નિર્દોષ બાળકી ભવ્યાના અકાળ અવસાનથી સમગ્ર વાજપુર ગામ અને આસપાસના વિસ્તારમાં ગમગીનીનું વાતાવરણ છવાઈ ગયું છે.

**જિલ્લા મેજિસ્ટ્રેટનું જાહેરનામું; ૨૭ ઓગસ્ટ સુધી વજન મર્યાદા અમલમાં**

## એન.એચ.-પ૬ના ઓરસંગ-મેરીયા બ્રિજ પર ભારે વાહનોને પ્રતિબંધ

(પ્રતિનિધિ) બોડેલી, તા.30
છોટાઉદેપુર જિલ્લામાં આવેલા NH 56 પરના ઓરસંગ અને મેરીયા બ્રિજની સલામતીને ધ્યાનમાં રાખીને જિલ્લા મેજિસ્ટ્રેટ ગાર્ગી જૈને મહત્વપૂર્ણ જાહેરનામું બહાર પાડ્યું છે. જાહેરનામા મુજબ ઓરસંગ બ્રિજ પર 12 ટનથી વધુ વજન ધરાવતા અને મેરીયા બ્રિજ પર 28.5 ટનથી વધુ વજન ધરાવતા તમામ પ્રકારના વાહનોની અવરજવર પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

ઓરસંગ બ્રિજ પર હાલ મજબૂતીકરણ અને પુનર્વસનનું કામ ચાલુ હોવાથી ત્યાં માત્ર બે-પૈડાં વાહનો, કાર, લાઈટ




મોટર વાહનો, મિની/મિડી બસો (2 એક્સલ, 4 વ્હીલ સુધી) અને હળવા વ્યાપારી વાહનોને જ મંજૂરી આપવામાં આવી છે, જેનું કુલ વજન 12 ટનથી વધુ ન હોવું જોઈએ. જ્યારે મેરીયા બ્રિજ 28.5 ટન સુધીના કુલ વાહન વજન માટે સલામત ગણાયો છે.

વૈકલ્પિક રૂટ: 28.5 ટનથી વધુ વજનવાળા વાહનો વડોદરાથી ડભોઈ-વેગા ચોકડી-દેવલીયા-નસવાડી-બોડેલી-મોડાસર ચોકડી-રંગલી ચોકડી થઈ કવાંટ અને મધ્યપ્રદેશ તરફ જઈ શકશે. 28.5 ટનથી ઓછા વજનવાળા વાહનો રંગલી ચોકડી-જેતપુર પાવી વનકુટીર ત્રણ રસ્તા થઈ છોટાઉદેપુર-મધ્યપ્રદેશ તરફ જઈ શકશે.

12 ટનથી ઓછા બસ, ટ્રાવેલ્સ અને અન્ય નાના વાહનો બોડેલી-શિહોદ ચોકડી-વાંકી ડુંગરવાંટ-તેજગઢ થઈ છોટાઉદેપુર અને ત્યારબાદ મધ્યપ્રદેશ તરફ અવરજવર કરી શકશે. આ જાહેરનામું 27 ઓગસ્ટ, 2026 સુધી અમલમાં રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

**ખાનગી બાતમીના આધારે હરેશ્વર વસાહતમાં દરોડો**

## સંખેડામાં SOGની કાર્યવાહી: યુવાન પિસ્તોલ સાથે ઝડપાયો

**રૂ. ૨૫** હજારની ગેરકાયદેસર પિસ્તોલ જપ્ત, આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાયો

(પ્રતિનિધિ) સંખેડા, તા.30
છોટાઉદેપુર જિલ્લામાં ગેરકાયદેસર હથિયારો વિરુદ્ધ ચાલતી ઝુંબેશ હેઠળ છોટાઉદેપુર SOGએ સંખેડા વિસ્તારમાંથી એક ઈસમને પિસ્તોલ સાથે ઝડપી પાડ્યો. ATS અને કોસ્ટલ સિક્યુરિટી ગુજરાત તથા IGP વડોદરા સંદીપસિંહ અને SP ઈમ્તીયાઝ શેખની સૂચનાથી જિલ્લામાં ગેરકાયદેસર હથિયાર ધરાવતા લોકો પર નજર



રાખવામાં આવી રહી હતી.

આ દરમિયાન SOG PSI એમ.એચ.જાદવને મળેલી ખાનગી બાતમીના આધારે સંખેડા પો.સ્ટે.ના હરેશ્વર વસાહત ખાતે રેઈડ કરાઈ. રેઈડ દરમિયાન ગુજરીયાભાઈ સાંગાભાઈ રાઠવા, ઉ.વ.25, રહે. હરેશ્વર વસાહત, તા.સંખેડાના કબજામાંથી લાયસન્સ-પરવાના વગરની 1 પિસ્તોલ મળી આવી. જેની કિંમત અંદાજે રૂ. 25,000 આંકવામાં આવી છે.

પકડાયેલ આરોપી વિરુદ્ધ ધી આર્મ્સ એક્ટ મુજબ સંખેડા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવી છે. કામગીરીમાં જોડાયેલ SOG સ્ટાફ: PSI એમ.એચ.જાદવ, ASI મિનેષભાઈ, ભાવસીંગભાઈ, મુકેશકુમાર, છત્રસિંહ, HC મહેશભાઈ, વિક્રમભાઈ, દશરથભાઈ, મિતેષકુમાર, અર્જુનભાઈ અને પ્રવિણભાઈ. પોલીસ દ્વારા જિલ્લામાં ગેરકાયદેસર હથિયારો સામે આગામી દિવસોમાં પણ સઘન કાર્યવાહી ચાલુ રહેશે તેવું જણાવાયું છે.

## ડભોઈમાં ભારે વરસાદની આગાહીને પગલે નગરપાલિકા એલર્ટ મોડમાં

**લાઉડસ્પીકર** અને સોશિયલ મીડિયા દ્વારા નાગરિકોને સાવચેતીની અપીલ

(પ્રતિનિધિ) ડભોઈ, તા. 30
ડભોઈ નગર પાલિકા ને હવામાન ખાતા દ્વારા મળેલ અગત્યની ભારેથી અતિભારે વરસાદની આગાહી બાબતે ડભોઈના નગરજનોને સાવચેત કરવા માટે ઓટો રિક્ષા પર લાઉડ સ્પીકર લગાવી તેમજ સોશ્યલ મીડિયા થકી મેસેજ મોકલી તાકીદ કરવામાં આવે છે કે તારીખ 30 જુલાઈ 2026 ને ગુરૂવારના રોજ સાંજના 6 કલાકથી આગામી 24 થી 48 કલાક દરમિયાન ભારે થી અતિભારે વરસાદ થવાની સંભાવના છે.જેથી જો આપ જર્જરીત કે ભયગ્રસ્ત



મકાનમાં રહેતા હોવ તો તાત્કાલિક અન્ય સલામત સ્થળે રહેણા માટે ખસી જવા જણાવવામાં આવે છે.તેમજ જો આપ નીચાણવાળા વિસ્તારમાં વસાવાટ કરતા હોવ તો જરૂરી તકેદારીના પગલાં અત્યારે જ લઈ લેવા નગર પાલિકા દ્વારા જણાવવામાં આવે છે. ડભોઈ નગર પાલિકા દ્વારા હવામાન વિભાગ ની આગાહી ને પગલે ભારે થી અતિ ભારે વરસાદ પડવાની સંભાવના ને લઈ ઓટો રિક્ષા પર લાઉડ સ્પીકર લગાવી તેમજ સોશ્યલ મીડિયા થકી જાહેરાત કરી લોકો ને સાવચેત રહેવા સૂચનો કરાયા હતા.

**ફરિયાદોનું નિરાકરણ નહીં આવેતો આંદોલનની ચીમકી**

## વાઘોડિયા MGVCLના વિવિધ ગામોમાં વીજ સંબંધિત સમસ્યાને લઈ ગ્રામજનોનું આવેદનપત્ર

**વીજપુરવઠો,** ટ્રી ટ્રીમિંગ અને ટ્રાન્સફરોનું સમારકામ કરવાની માંગ

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.30
તાલુકાના છેવાડાના ગામોમાં વીજ સંબંધી સમસ્યાઓનું તાત્કાલિક નિવારણ કરી આપવા mgvcl ને આવેદન આપી રજુવાત.તાલુકાના આશા ગામમાં વીજ લાઈનનું ટ્રાન્સફોર્મર કોતર વિસ્તારમાંથી રોડ પર લાવવો જેથી વીજ પુરવઠો ખોરવાતા લંગર ચઢાવવામાં મુશ્કેલીનો સામનો ગ્રામજનો કરી રહ્યાં છે. ખોયા ગામમાં વીજપોલની નમી જતા અકસ્માતને આમંત્રણ



આપે છે. તમામ નમી ગયેલ જોખમી પોલ અને રાવપુરા ગામે વીજવાયરો ખુલ્લા લટકે છે તેને ખેંચી ઊંચા કરવા ,જેપુરા ગામમાં હજુ સુધી એગ્રીકલ્ચર લાઈનમાંથી વીજ મળતી હોય વારંવાર વીજ ધાંધિયા સહિત ગોરજ ગ્રામ પંચાયતના ગામોનો રુસ્તમ પુરા ફીડરને ટ્રાન્સફર કરવા અને ચોમાસામાં લાઈનો પર નાના-મોટા વૃક્ષોની ડાળીઓ દૂર કરી ટ્રીમિંગ કરવા એમજીવીસીએલ ના જવાબદાર અધિકારી સહિત સંબંધીત પ્રશાસની અધિકારીને આ સમસ્યાનું યુદ્ધના ધોરણે નિરાકરણ લાવવા અને એમજીવીસીએલ દ્વારા ગ્રાહકોની યોગ્ય ફરિયાદોનું તાત્કાલિક નિરાકરણ કરવામાં આવે નહીતો ગાંધી ચીંધ્યા માર્ગે તબક્કાવાર આંદોલન કરવાની ચીમકી આપી હતી.આશરે સો જેટલા લોકોએ આવેદનપત્ર MGVCL ઈજનેરને આપ્યું હતું.

## અણિયાદ્રિ ગામે શોર્ટ સર્કિટથી મકાનમાં ભીષણ આગ, ઘરવખરી બળીને ખાખ

**મધરાતે** ભભૂકેલી આગમાં સમગ્ર ઘરવખરી બળીને ખાખ, જાનહાનિ ટળી

(પ્રતિનિધિ) જેતપુરપાવી,તા. 30
જેતપુરપાવી તાલુકાના અણિયાદ્રિ ગામે રાઠવા ભીમસીંગભાઈ મોહનભાઈના મકાનમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગવાની ઘટના બની હતી. રાત્રે અંદાજે 1:20 કલાકે બનેલી આ ઘટનામાં સમગ્ર મકાન તેમજ ઘરવખરીનો તમામ સામાન બળીને ખાખ થઈ ગયો હતો.

આગની જાણ થતાં જ આસપાસ ના રહીશો આગ પર કાબુ મેળવવાના પ્રયત્નો કર્યા હતા અને ફાયર બ્રિગેડની ટીમ



તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવવા કામગીરી હાથ ધરી હતી. આગ એટલી વિકરાળ હતી કે મકાનમાં રહેલો મોટાભાગનો સામાન બચાવી શકાયો નહોતો.

સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. જોકે, પરિવારે પોતાના ઘર અને ઘરવખરીનું ભારે નુકસાન વેઠવું પડ્યું છે. પ્રાથમિક તપાસ મુજબ આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું સામે આવ્યું છે.

### સચિન જીઆઈડીસીમાં ટ્રક અડફેટે આવી જતા શ્રમિકનું મોત

સુરત: સચિન જીઆઈડીસીમાં ટ્રક અડફેટે આવી જતા શ્રમિક યુવકનું મોત થયું હતું. મૂળ ઉત્તરપ્રદેશ કાનપુરના વતની મોહનલાલ ચુમનિયા કેવલ (45 વર્ષ) હાલમાં સચિન વિસ્તારમાં આવેલ શિવાંજલી સોસાયટીમાં રહેતા હતા અને સંચા ખાતામાં નોકરી કરીને વતનમાં રહેતા પરિવારનું ગુજરાન ચલાવતા હતા. ગુરુવારે સવારે સચિન જીઆઈડીસી રોડ નંબર-5 પાસે મોહનલાલને ટ્રક ચાલકે અડફેટે લીધો હતો. અકસ્માતમાં તેઓને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ તેમનું મોત નીપજ્યું હતું. બનાવને પગલે સચિન જીઆઈડીસી પોલીસે ટ્રક ચાલકે વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## શિનોરમાં SGFI હેન્ડબોલ સ્પર્ધા, જે.સી. પટેલ શાળાનું શાનદાર પ્રદર્શન

**અંડર-14** અને અંડર-17માં પ્રથમ સ્થાન

(પ્રતિનિધિ) શિનોર, તા. 30
શિનોર જે. સી. પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ મા આજ રોજ 70 મો અખિલ ભારતીય શાળાકીય રમોત્સવ (SGFI) વડોદરા જિલ્લા કક્ષા ની હેન્ડબોલ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શિનોર ની શાળા નુ ઉત્કૃષ્ટ પ્રદર્શન દેખાઈ આવ્યું હતું. 70 મો અખિલ ભારતીય શાળાકીય રમોત્સવ (SGFI) અંતર્ગત આજ રોજ વડોદરા રૂરલ ની હેન્ડબોલ સ્પર્ધા અંદર 14, અંદર 17 અને અંદર 19 ની શિનોર જે. સી. પટેલ સાર્વજનિક હાઈસ્કૂલ ના વિશાળ મેદાન યોજાઈ હતી. અંદર 14 મા 4 ટિમો 1 જે. સી પટેલ



ગ્રાન્ટેડ પ્રાથમિક શાળા 2 શબરી વિદ્યાલય, પાતોડ 3 જ્ઞાન શક્તિ વિદ્યાલય, સાવલી 4 K.J.I.T. વિદ્યાલય, સાવલી વચ્ચે સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શિનોર જે. સી પટેલ ગ્રાન્ટેડ પ્રાથમિક શાળા પ્રથમ નંબરે આવેલ, અંદર 17 મા ચાર ટીમ 1 શબરી વિદ્યાલય, પાતોડ 2 જ્ઞાન શક્તિ વિદ્યાલય, સાવલી 4 K.J.I.T. વિદ્યાલય, સાવલી વચ્ચે સ્પર્ધા યોજાઈ હતી. જેમાં પણ શિનોર જે. સી પટેલ શાળા પ્રથમ નંબરે આવેલ, જ્યારે અંદર 19 મા માત્ર એક ટીમ બરોડા પબ્લિક સ્કૂલ, પોર હોય બિનહરીફ વિજેતા જાહેત કરેલ છે.

### પત્ની પિયર રહેતા માનસિક વ્યથામાં યુવકે ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ

(પ્રતિનિધિ) પાદરા, તા.30
પાદરા તાલુકાના જલાલપુરા ગામે એક યુવકે પારિવારિક કારણોસર માનસિક તણાવમાં આવી ઝેરી દવા પી આત્મહત્યાનો પ્રયાસ કરતાં તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. વડુ પોલીસ સ્ટેશનમાં જાણવા જોગ નોંધ નોંધવામાં આવી છે. દરાપુરા ગામના કુંભારવાળું ફળિયામાં રહેતા નરેશભાઈ કરશનભાઈ માળી (ઉ.વ. 36) છેલ્લા બે વર્ષથી તેમની પત્ની પાર્વતીબેન બંને બાળકો સાથે પિયરમાં રહેતા હોવાથી માનસિક વ્યથામાં હતા. તા. 29 જુલાઈના રોજ સવારે નરેશભાઈ પોતાના જલાલપુરા ગામે આવેલા ખેતરની ઓરડીમાં ગયા હતા. ત્યાં તેમણે કપાસમાં છાંટવામાં આવતી ઝેરી દવા પી લીધી હતી.

## ભારે વરસાદની આગાહીએ છોટાઉદેપુર તંત્ર એલર્ટ, પ્રાથમિક શાળાઓમાં રજા

**કલેક્ટરે** અધિકારીઓને મથક પર હાજર રહેવા અને ગ્રામજનોને સતર્ક કરવા સૂચના આપી

(પ્રતિનિધિ) બોડેલી, તા. 30
છોટાઉદેપુર જિલ્લામાં ભારે વરસાદની આગાહીને લઈને વહીવટી તંત્ર દ્વારા પ્રાથમિક શાળાઓમાં રજા જાહેર કરાઈ છે. જ્યારે બોડેલી ખાતે એનડીઆરએફ ની ટીમો પણ તેનાત જ કરવામાં આવી જિલ્લા કલેકટર તમામ ગતિવિધિઓ અને આગાહી ઉપર નજર રાખી રહ્યા છે. છોટાઉદેપુર જિલ્લો આદિવાસી જિલ્લો છે છોટાઉદેપુર જિલ્લામાં સાત તાલુકા આવેલા છે. છોટાઉદેપુર પાવીજેતપુર નસવાડી કવાંટ કદવાલ સંખેડા બોડેલી તાલુકા આવેલા છે જેમાં 1248 જેટલી પ્રાથમિક શાળાઓ છે અને 80,000 જેટલા બાળકો અભ્યાસ કરે છે. જ્યારે છોટાઉદેપુર જિલ્લો પહાડી અને ડુંગરવાળો વિસ્તાર છે જ્યારે ગામડાઓમાંથી અભ્યાસ કરતી આવતા બાળકો પોતરો અને નદી નાણા ઓળંગે છે. ત્યારે ભારે વરસાદની આગાહી લઈને થોડા જિલ્લા કલેકટરે તમામ પ્રાથમિક શાળાઓમાં રજા જાહેર કરી છે. બીજી તરફ વહીવટીતંત્ર દ્વારા બોડેલી ખાતે એનડીઆરએફ ની ટીમોને એક ટુકડી ઉતારવામાં આવી છે. કારણ કે બોડેલી ની આસપાસના વિસ્તારમાં પાણીના નિકાલ માટે પૂરતી વ્યવસ્થા ન હોય અને પણ વરસાદી પાણીથી પોતાનો છલકાઈ જાય ત્યારે લોકોને જવામાં મુશ્કેલી પડે છે.

**જોખમી હોર્ડિંગ્સ-બેનરો દૂર કરવાની કામગીરી શરૂ**

## રેડ એલર્ટ વચ્ચે પાદરા તંત્ર સતર્ક, સંકલન બેઠક યોજાઈ

**ભારે** વરસાદને લઈ તમામ વિભાગોને એલર્ટ કરાયા

(પ્રતિનિધિ) પાદરા, તા.30
ભારતીય હવામાન વિભાગ દ્વારા તા. 31 જુલાઈ અને 1 ઓગસ્ટ દરમિયાન જિલ્લામાં ભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કરવામાં આવતા પાદરા તાલુકાનું વહીવટીતંત્ર સંપૂર્ણપણે એલર્ટ મોડમાં આવી ગયું છે. સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા પાદરા મામલતદાર કચેરી ખાતે વિવિધ વિભાગોના અધિકારીઓની સંયુક્ત બેઠક યોજાઈ હતી, જેમાં વરસાદ દરમિયાન લોકોની સુરક્ષા અને તાત્કાલિક કામગીરી અંગે વિસ્તૃત



ચર્ચા કરવામાં આવી હતી.

મામલતદાર યોગેશ ચૌધરીના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં મામલતદાર કચેરી, તાલુકા પંચાયત, પોલીસ વિભાગ, પાદરા નગરપાલિકા, આરોગ્ય વિભાગ, વીજ કંપની સહિત ના વિવિધ વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. સાથે પાદરા તેમજ વડુ પોલીસ પણ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં દરેક વિભાગને પોતાની જવાબદારી અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ કોઈપણ પ્રકારની કુદરતી આપત્તિ કે ઈમરજન્સી સર્જાય તો તાત્કાલિક સંકલન સાથે કામગીરી હાથ ધરવા સૂચના આપવામાં આવી હતી.

મામલતદારે તમામ તલાટી-કમ-મંત્રીઓ, ગ્રામ સ્તરના કર્મચારીઓ અને સંબંધિત અધિકારીઓને આગામી બે દિવસ સુધી હેડક્વાર્ટર નહીં છોડવા તેમજ સતત સંપર્કમાં રહેવાના કડક આદેશ આપ્યા હતા. ઉપરાંત ગામડાઓમાં નીચાણવાળા વિસ્તારો, નદી-નાળા, જર્જરિત મકાનો અને પૂરનું જોખમ ધરાવતા વિસ્તારો પર સતત નજર રાખવા સૂચના આપવામાં આવી હતી.

## પાદરાના શ્રી રામદ્વારા મંદિરે ગુરુપૂર્ણિમા મહોત્સવ ઉજવાયો

**મહંત** શ્રી રામપ્રસાદજી મહારાજના સાનિધ્યમાં ગુરુપૂજન

(પ્રતિનિધિ) પાદરા, તા. 30
પાદરા શહેરના ગાંધીચોક સ્થિત રામસ્નેહી સંપ્રદાયના શ્રી રામદ્વારા મંદિરે મહંત શ્રી રામપ્રસાદજી મહારાજના પાવન સાંનિધ્યમાં ગુરુપૂર્ણિમા મહોત્સવ ભક્તિભાવ અને ધાર્મિક માહોલ વચ્ચે ઉજવવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં ભક્તોએ ઉપસ્થિત રહી ગુરુપૂજન, ગુરુવંદના અને સત્સંગનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

ગુરુપૂર્ણિમાના પવિત્ર અવસરે મંદિર ખાતે વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ભક્તોએ મહંત શ્રી રામપ્રસાદજી મહારાજનું વિધિવત્ ગુરુપૂજન



કરી ગુરુવંદના અર્પણ કરી હતી. સમગ્ર મંદિર પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઉઠ્યું હતું. આ પ્રસંગે મહંત શ્રી રામપ્રસાદજી મહારાજે સત્સંગ દ્વારા ગુરુપૂર્ણિમાના પર્વનું આધ્યાત્મિક મહત્વ સમજાવતાં જણાવ્યું હતું કે, ગુરુ જીવનમાં જ્ઞાન, સંસ્કાર અને સન્માર્ગનું પ્રતીક છે. ગુરુના માર્ગદર્શનથી જ જીવનને સાચી દિશા મળે છે. તેમના આશીર્વચનોને ભક્તોએ શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરી આધ્યાત્મિક પ્રેરણા મેળવી હતી. કાર્યક્રમના અંતે ભક્તોએ મહારાજશ્રીના આશીર્વાદ પ્રાપ્ત કરી ગુરુભક્તિ વ્યક્ત કરી હતી.

**કપચી પાથરી કામ અધૂરું છોડાતા અકસ્માતનો ભય; સ્થાનિકોમાં રોષ**

## મોડાસર-રંગલી માર્ગનું કામ ધીમી ગતિએ, વાહનચાલકો પરેશાન

(પ્રતિનિધિ) બોડેલી, તા.30
બોડેલી તાલુકામાં મોડાસર ચોકડીથી રંગલી ચોકડી સુધી ચાલી રહેલા માર્ગના નવીનીકરણનું કામ છેલ્લા કેટલાક સમયથી અત્યંત ધીમી ગતિએ આગળ વધી રહ્યું હોવાનું સ્થાનિકોમાંથી જાણવા મળી રહ્યું છે. માર્ગ પર કપચી પાથરી દેવામાં આવી હોવા છતાં આગળની કામગીરી સમયસર પૂર્ણ ન થતાં વાહનચાલકો અને ગ્રામજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

આ માર્ગ પરથી દરરોજ મોટી સંખ્યામાં નાના-મોટા વાહનો, શાળાના વાહનો તેમજ ગ્રામજનોની અવરજવર રહે છે. કપચી પાથરાયેલા રસ્તાના કારણે વાહનો ચલાવવામાં મુશ્કેલી પડી



રહી છે. વરસાદી માહોલમાં કાદવ અને કપચીના કારણે વાહનો લપસી જવાનો ભય રહે છે, જ્યારે સૂકા વાતાવરણમાં ધૂળની ડમરીઓ ઉડતાં મુસાફરો તેમજ માર્ગની આસપાસ રહેતા લોકોને પણ ભારે તકલીફ ભોગવવી પડી રહી છે.કપચી ઉડવાના પણ અનેક બનાવો બનતા હોય છે સ્થાનિકોના જણાવ્યા મુજબ માર્ગનું કામ ઝડપથી પૂર્ણ કરવામાં આવે તો અકસ્માતની શક્યતાઓ ઘટશે અને લોકોને રાહત મળશે.

હાલમાં માર્ગ પર કામ માટેના સાધનો જોવા મળે છે, પરંતુ કામગીરીની ગતિ ખૂબ જ ધીમી હોવાથી લોકોમાં અસંતોષની લાગણી જોવા મળી રહી છે. સ્થાનિકોએ સંબંધિત માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓને કામગીરીમાં ઝડપ લાવી ગુણવત્તાસભર રીતે માર્ગનું નવીનીકરણ વહેલી તકે પૂર્ણ કરવાની માંગ કરી છે.